WCL/SEC/2026 **4th November, 2026**

To,

BSE Limited Listing Department, P. J. Towers, Dalal Street, Mumbai – 400 001. **(Scrip Code: Equity - 532144),** **(NCD – 973309)**	**National Stock Exchange of India Limited** Exchange Plaza, Bandra-Kurla Complex, Bandra (E), Mumbai – 400 051. **(Symbol: WELCORP, Series EQ)**

Dear Sirs/ Madam,

Sub.: Newspaper Advertisement regarding loss of share certificate

Please find attached copy of the newspaper advertisement published regarding the loss of share certificate.

This is for your information and records.

Yours faithfully,
For **Welspun Corp Limited**

Kamal Rathi
Digitally signed by Kamal Rathi
Date: 2026.11.04 18:26:34 +05'30'

Kamal Rathi
Company Secretary and Compliance Officer
ACS-18182

Encl: a/a.

Welspun Corp Limited
Welspun House, 5th Floor, Kamala City, Senapati Bapat Marg, Lower Parel (W), Mumbai 400013. India
T: +91 22 6613 6000 / 2490 8000 | F: +91 22 2490 8020
E-mail: companysecretary_wcl@welspun.com | Website: www.welspuncorp.com

Registered Address: Welspun City, Village Versamedi, Taluka Anjar, District Kutch, Gujarat 370110. India
T: +91 28 3666 2222 | F: +91 28 3627 9060

Corporate Identity Number: L27100GJ1995PLC025609



"સુખ - સમૃધ્ધિની હોય કોઈ પણ જરૂરીયાત, બસ MAS થી જ કરો શુભ શરૂઆત"

ટુ-વ્હીલર વસાવો 100% લોન મેળવો

યુઝ્ડ કાર વસાવો 90% સુધી લોન

કોમર્શિયલ વ્હીકલ 90% સુધી લોન

બિઝનેસ લોન 5 લાખ* થી 1 કરોડ* સુધી

તમારા ઘર અને દુકાન સામે ₹ 5 લાખ* થી 5 કરોડ* સુધી લોન મેળવો

હોમ લોન

આકર્ષક વ્યાજદર • ઝડપી પ્રોસેસિંગ • આસાન શરતો

★ સ્કીમ મુજબ, નિયમો અનુસાર

MAS FINANCIAL

Purpose Led. Progress Driven.

જે સમજે આપના અમૂલ્ય સ્વપ્નોનું મુલ્ય

વધુ માહિતી માટે હમણાં જ કોલ કરો

18002025555

નર્મદાની લાઈનમાં વારંવાર ભંગાણથી તહેવારોના દિવસોમાં કચ્છમાં પાણીની મોકાણ

કચ્છમાં નર્મદાની મુખ્ય પાઈપલાઈન પર નિર્ભરતા ઘટાડવા વૈકલ્પિક જળસ્રોતો ઊભા કરવાની જરૂર : બધા નગરમાં જુના પાતાળકુવા વડાપ્રધાને આપેલા "કેચ ધ રેઈન" કાર્યક્રમથી પુનર્જીવિત કરી શકાય : વરસાદનું અને નર્મદાની લાઈનનું પાણી પણ પાતાળકુવામા નાખી પાતાળકુવા પુનર્જીવિત કરી શકાય જેથી સ્થાનિક કક્ષાએ જ પાણીના વૈકલ્પિક સ્રોત ઊભા થાય : દરેક જુદા જુદા વિસ્તારમાં ઓવરહેડ ટાંકા બનાવવામાં આવે તો પૂરતા દબાણથી વધારે ઊંચાઈ સુધી દબાણથી પાણી આવે તો ઘરે-ઘરે અલગ અલગ અન્ડર ગ્રાઉન્ડ ટાંકામાં ચાલતી મોટરોની જરૂર પડે નહીં અને વીજળી ઘણી બચી જાય અને ઊર્જાની અછત ન થાય

ભુજ - કચ્છઉદય : કચ્છમાં નર્મદા આધારિત પાણી પુરવઠાની મુખ્ય પાઈપલાઈનમાં વારંવાર સર્જાતા ભંગાણ અને અન્ય કારણોસર ભુજ, માંડવી, ગાંધીધામ સહિતનાં શહેરોમાં પાણીની સમસ્યા ઊભી થઈ રહી છે. દિવાળીના તહેવારો નજીક આવી રહ્યા છે ત્યારે પણ પાણીની અનિશ્ચિતતાએ નાગરિકોની ચિંતા વધારી છે. તાજેતરમાં કચ્છની સરહદ અને માળિયા નજીક નર્મદાની મુખ્ય પાઈપલાઈન તૂટી જતાં માંડવી નગરપાલિકાને આગામી ત્રણથી ચાર દિવસ સુધી નર્મદાનું પાણી મળવાની શક્યતા ન હોવાનું જણાવાયું છે. આથી નગરપાલિકા દ્વારા નાગરિકોને પાણીનો કરકસરપૂર્વક ઉપયોગ કરવા અપીલ કરવાની સ્થિતિ ઊભી થઈ છે.

ભુજમાં પણ છેલ્લા અઠવાડિયાથી અવારનવાર પાણીની સમસ્યા સર્જાતાં લોકોને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. કચ્છમાં શહેરી વિકાસ અને વસ્તી વધવાની સાથે પાણીની માંગ સતત વધી રહી છે, પરંતુ મોટા ભાગે નર્મદાની લાંબી પાઈપલાઈન પર આધાર રાખવો પડે છે. પાઈપલાઈન જૂની થવી, જુદા જુદા સ્થળોએ ફોલ્ટ થવો તેમજ રસ્તાનાં કામો દરમિયાન પાઈપલાઈનને નુકસાન થવાની શક્યતાઓને કારણે સમગ્ર કચ્છની પાણી પુરવઠા વ્યવસ્થા ખોરવાઈ શકે છે. એક સ્થળે પાઈપલાઈનમાં ભંગાણ સર્જાય તો અનેક શહેરો અને વિસ્તારોને તેની અસર ભોગવવી પડે છે. આવી પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને હવે ભુજ, માંડવી, અંજાર અને ગાંધીધામ સહિતનાં શહેરોમાં સ્થાનિક જળસ્રોતો મજબૂત કરવા સમયબદ્ધ આયોજન કરવાની જરૂરિયાત ઊભી થઈ છે. શહેરના અલગ અલગ વિસ્તારોમાં નવા ટ્યુબવેલ બનાવવા, જૂના ટ્યુબવેલને પુનઃજીવિત કરવા તેમજ પૂરતી ક્ષમતાની ઓવરહેડ પાણીની ટાંકીઓ ઊભી કરવાથી નર્મદાના પાણીના પુરવઠામાં વિક્ષેપ સર્જાય ત્યારે વૈકલ્પિક વ્યવસ્થા ઉપલબ્ધ થઈ શકે છે. સાથે જ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના 'કેચ ધ રેઈન' અભિયાનની ભાવનાને અનુરૂપ વરસાદી પાણીનો સંગ્રહ, ભૂગર્ભ જળનું રિચાર્જ અને સ્થાનિક જળસ્રોતોના સંવર્ધન માટે વિશેષ અભિયાન હાથ ધરવું જરૂરી છે. સ્થાનિક ટ્યુબવેલને વરસાદી પાણીથી રિચાર્જ કરવાની વ્યવસ્થા ઊભી કરવામાં આવે તો લાંબા ગાળે ભૂગર્ભ જળસ્તર સુધારવામાં મદદ મળી શકે છે. આ ઉપરાંત દરેક વિસ્તારમાં સુવ્યવસ્થિત ઓવરહેડ ટાંકી અને વિતરણ વ્યવસ્થા ઊભી કરી શકાય તો નાગરિકોને ઘેરઘેર મોટા અંડરગ્રાઉન્ડ ટાંકા બનાવવાની મજબૂરી પણ ઘટાડી શકાય. જોકે, આવી વ્યવસ્થા માટે પાણીનું દબાણ, ગુણવત્તા, સતત પુરવઠો અને વીજળીની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને તબક્કાવાર આયોજન કરવું જરૂરી છે. નર્મદાનું પાણી કચ્છ માટે અત્યંત મહત્ત્વનું છે, પરંતુ તેના પરની એકમાત્ર નિર્ભરતા ઘટાડીને સ્થાનિક જળસ્રોતો અને વૈકલ્પિક પુરવઠા વ્યવસ્થાને પણ એટલું જ મહત્ત્વ આપવાનો સમય આવી ગયો છે. રાજ્ય સરકાર અને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ સંકલિત જળનીતિ બનાવીને શહેરવાર નવા ટ્યુબવેલ, જળસંગ્રહ ટાંકીઓ, વરસાદી પાણીના સંચય અને ભૂગર્ભ જળ રિચાર્જ માટે નક્કર પગલાં ભરે તો ભવિષ્યમાં પાઈપલાઈનમાં ભંગાણ સર્જાય ત્યારે પણ નાગરિકોને પાણીની ગંભીર મુશ્કેલીમાંથી બચાવી શકાય. તહેવારોના દિવસોમાં પાણી માટે દોડધામ કરવાની સ્થિતિ ન સર્જાય તે માટે કચ્છનાં શહેરોમાં કાયમી અને સ્વનિર્ભર જળવ્યવસ્થા ઊભી કરવી સમયની માંગ બની છે.

સુરજબારી પાસે નર્મદાની લાઈનમાં ભંગાણ



કચ્છને નર્મદાના નીર પહોંચાડતી નર્મદાની પાઈપલાઈનમાં સુરજબારી પાસે ગત રાત્રિએ ભંગાણ થતા માર્ગ પર પાણી વહી નીકળ્યા હતા. ઘટનાના પગલે જીડબ્લ્યુમાઈએલના જવાબદારો ધસી ગયા હતા અને યુદ્ધના ધોરણે સમારકામ હાથ ધરાયું હતું. જીડબ્લ્યુમાઈએલના શ્રી ચાવડાએ જણાવ્યું હતું કે, આજે સાંજ સુધીમાં લાઈનમાં ફરી પાણી વહેતુ થઈ જશે.

ભુજમાં મુખના કેન્સરના નિદાન અંગે સેમિનાર યોજાયો



ભુજ - કચ્છઉદય : કચ્છી લેવા પટેલ એજ્યુકેશન એન્ડ મેડીકલ ટ્રસ્ટ સંચાલિત મેઘબાઈ પ્રેમજી જેઠા લેવા પટેલ હોસ્પિટલ તથા ડેન્ટલ ક્લબ ઓફ ભુજના સંયુક્ત ઉપક્રમે હોટલ હિલ વ્યૂ ખાતે નેવીગેટીક ઓરલ ઓન્કોલોજી વિષય પર વિશેષ સીએમઈ સેમિનાર યોજાયો હતો. સેમિનારમાં મુખના કેન્સરનું પ્રારંભિક નિદાન, સ્ક્રીનિંગ પદ્ધતિઓ અને સર્વગ્રાહી ડેન્ટલ કેર અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્યથી થઈ હતી. મુખ્ય વક્તા અને લેવા પટેલ હોસ્પિટલનાં હેડ એન્ડ નેક કેન્સર સર્જરી ફેલો તથા ઈ.એન.ટી. સર્જન ડો. તન્મયી જટાણિયાએ કેન્સરનાં પ્રારંભિક લક્ષણો, પ્રી-મેલિગ્નન્ટ ડિસઓર્ડર્સ અને ડેન્ટલ પ્રેક્ટિસની સાવચેતીઓ અંગે વિસ્તૃત માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

કચ્છી લેવા પટેલ એજ્યુકેશન એન્ડ મેડીકલ ટ્રસ્ટ સંચાલિત મેઘબાઈ પ્રેમજી જેઠા લેવા પટેલ હોસ્પિટલ તથા ડેન્ટલ ક્લબ ઓફ ભુજના સંયુક્ત ઉપક્રમે આયોજન કરાયું

લેવા પટેલ હોસ્પિટલના ડો. ચિંતન મહેતાએ હોસ્પિટલના વિઝન - મિશન તથા અદ્યતન સુવિધાઓ વિશે માહિતી આપી હતી.ડેન્ટલ ક્લબ ઓફ ભુજના પ્રેસિડેન્ટ ડો. સમીર શાહ સહિત ભુજ અને આસપાસના અગ્રણી તબીબો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. પ્રશ્નોત્તરી સત્રમાં તબીબોએ ઉત્સાહપૂર્વક ચર્ચા કરી હતી. કાર્યક્રમ દરમિયાન ડેન્ટલ ક્લબના હોદ્દેદારો ડો. સમીર શાહ, ડો. જીગર ઠક્કર, ડો. મિલિંદ જોશી અને ડો. હિમાંશુ મોરબીયા તેમજ મુખ્ય વક્તા ડો. તન્મયી જટાણિયા અને ડો. ચિંતન મહેતાને સ્મૃતિચિહ્ન અર્પણ કરી સન્માનિત કરવામાં આવ્યા હતા.સમગ્ર કાર્યક્રમનું સંકલન હોસ્પિટલ અને ડેન્ટલ ક્લબની ટીમ દ્વારા કરવામાં આવ્યું હતું. ટ્રસ્ટીઓ ગોપાલભાઈ ગોરસિયા, મનજીભાઈ પિંડોરિયા, અરજણભાઈ પિંડોરિયાએ જણાવ્યું કે આવા સેમિનારો તબીબી જ્ઞાનના આદાન - પ્રદાન અને જનજાગૃતિ માટે અત્યંત ઉપયોગી અને આવશ્કયક સાબિત થાય છે.

ગજણસર-મુરૂ પ્લોટમાંથી ગાંડા બાવળની ઝાડીની સફાઈની ઈ-હરરાજી યોજાઈ

રૂ. ૧.૩૭ લાખની બોલી સાથે કંપનીએ કોન્ટ્રાક્ટ મેળવ્યો : અંદાજિત ૩૯,૧૩૦ કિલો જથ્થાનું વેચાણ : અપસેટ પ્રાઈસથી દોઢ ગણો ભાવ આવ્યો : જુદા જુદા જથ્થાને કોડ નંબર આપવામાં આવ્યા હતા અને વ્યવસ્થિત આયોજન કરાયું હતું પરંતુ સર્વ સંમતિથી જ કાર્ય પૂર્ણ થઈ ગયું

ભુજ - કચ્છઉદય : ગુજરાત સરકારના વન વિભાગ દ્વારા નખત્રાણા પશ્ચિમ રેન્જ હેઠળ આવતા ગજણસર તથા મુરૂ પ્લોટ વિસ્તારમાં ઊભા ગાંડા બાવળની ઝાડીઓનું જડમૂળથી નિકંદન કરી સફાઈ કર્યા બાદ નીકળનારા ઝાડી-ઝાંખરાંના જથ્થાના વેચાણ માટે તા. ૧ નવેમ્બરના ઈ-હરરાજી યોજવામાં આવી હતી. રેન્જ ફોરેસ્ટ ઓફિસર, નખત્રાણા પશ્ચિમ રેન્જ દ્વારા હાથ ધરાયેલી આ જાહેર હરરાજીમાં અંદાજિત ૩૯,૧૩૦ કિલો જેટલા જથ્થાના વેચાણ માટે પ્રતિ ટનના ભાવના આધારે બોલી પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. જેમાં વરા નામની કંપનીએ રૂ. ૧,૩૭,૦૦૦ની બોલી લગાવી હરરાજી પોતાના નામે કરી હતી. આ પ્રમાણે સમગ્ર જથ્થાનો સરેરાશ ભાવ પ્રતિ કિલો આશરે રૂ. ૩.૫૦ જેટલો થવા જાય છે. જોકે, ઝાડી-ઝાંખરાંના જુદા જુદા જથ્થા અને ગુણવત્તાના આધારે ભાવમાં થોડો ફેરફાર રહેવાનો હોવાથી આ સરેરાશ ભાવ અંદાજિત છે. ખાસ નોંધનીય બાબત એ છે કે, હરરાજીમાં નક્કી થયેલો ભાવ સરકાર દ્વારા નિર્ધારિત લઘુત્તમ ભાવ કરતાં આશરે દોઢ ગણો વધુ મળ્યો હોવાનું વન વિભાગ દ્વારા જણાવાયું છે. નખત્રાણા પશ્ચિમ રેન્જના રેન્જ ફોરેસ્ટ ઓફિસર વી.સી. મોઢીએ જણાવ્યું હતું કે, પારદર્શક રીતે યોજાયેલી ઈ-હરરાજી થકી ગાંડા બાવળની સફાઈ બાદ નીકળનારા જથ્થાનું વેચાણ કરવામાં આવ્યું છે અને સરકારી લઘુત્તમ કિંમત કરતાં વધુ આવક પ્રાપ્ત થઈ છે. ઉલ્લેખનીય છે કે, ગાંડા બાવળ જેવી આક્રમક વનસ્પતિનું જડમૂળથી નિર્મૂલન કરવાથી પ્લોટ વિસ્તારની જમીનને અન્ય ઉપયોગ માટે તૈયાર કરવાની સાથે સ્થાનિક વનસ્પતિના વિકાસ માટે પણ અવકાશ ઊભો થઈ શકે છે.

કચ્છમાં ગુલાબી ઠંડીની દસ્તક: નલિયામાં લઘુત્તમ તાપમાન ૧૭.૫ ડિગ્રી

ભુજ - કચ્છઉદય : કચ્છ જિલ્લામાં ધીમે ધીમે શિયાળાની ઋતુએ પોતાનું આગમન નોંધાવવાનું શરૂ કરી દીધું છે અને વહેલી સવારે તેમજ રાત્રિના સમયમાં ગુલાબી ઠંડીનો અહેસાસ થવા લાગ્યો છે. કચ્છના મુખ્ય મથક ભુજ તેમજ સરહદી વિસ્તાર નલિયામાં તાપમાનમાં ઘટાડો નોંધાયો છે.આજ રોજ નલિયા ખાતે લઘુત્તમ તાપમાન ૧૭.૫ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું છે જે સામાન્ય કરતા ૦.૩ ડિગ્રી જેટલું ઓછું છે. નલિયામાં તાપમાન નીચું જતાં વહેલી સવારે ઠંડા પવનો ફૂંકાયા હતા. બીજી તરફ કચ્છના મુખ્ય મથક ભુજમાં મહત્તમ તાપમાન ૩૭.૦ ડિગ્રી સેલ્સિયસ અને લઘુત્તમ તાપમાન ૨૧.૬ ડિગ્રી સેલ્સિયસ જેટલું નોંધાયું છે. ભુજમાં મહત્તમ તાપમાન સામાન્ય કરતા ૧.૬ ડિગ્રી વધુ રહેવા પામ્યું છે પરંતુ સવારના સુમારે ભેજનું પ્રમાણ ૮૩ ટકા જેટલું ઊંચું રહેવાને કારણે વાતાવરણમાં આહલાદક ઠંડક અનુભવાઈ હતી. કચ્છના આર્થિક અને દરિયાઈ મથક ગણાતા કંડલા બંદર ખાતે પણ હવામાન મિશ્ર પ્રકારનું જોવા મળ્યું છે જ્યાં મહત્તમ તાપમાન ૩૫.૪ ડિગ્રી અને લઘુત્તમ તાપમાન ૨૧.૮ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું છે. કંડલામાં સવારના સમયે ભેજનું પ્રમાણ ૯૨ ટકા સુધી ઊંચું રહેવા પામ્યું હતું જેને કારણે દરિયાકાંઠાના આ પટ્ટા પર પણ વહેલી સવારે હળવી ઠંડક અને ઝાકળ વર્ષા જેવું વાતાવરણ સર્જાયું હતું. સમગ્ર કચ્છ જિલ્લામાં હાલમાં વરસાદની કોઈ સંભાવના નથી અને હવામાન સંપૂર્ણપણે સૂકું તથા ચોખ્ખું રહેવાની આગાહી કરવામાં આવી છે. આગામી દિવસોમાં ઉત્તર તરફથી આવતા ઠંડા પવનોને કારણે કચ્છના નલિયા અને ભુજ સહિતના વિસ્તારોમાં તાપમાન વધુ નીચું જવાની અને ઠંડીનો ચમકારો વધવાની પૂરી શક્યતાઓ વર્તાવવામાં આવી રહી છે.

ગાંધીધામથી મળેલા નવજાતનું ભુજમાં મોત

ભુજ - કચ્છઉદય : ગાંધીધામમાં જવાહરનગર પાસે ગુમા પ્રોવીઝન સ્ટોરની બાજુમાં નાળામાંથી નવજાત બાળક મળી આવ્યો હતો. જેને સાર સંભાળ માટે ભુજના મહિલા આશ્રમ ખાતે રાખવામાં આવ્યો હતો. અહીં છ મહિનાથી તેની સંભાળ લેવામાં આવી હતી. દરમ્યાન તે બિમાર થતા તેને ભુજની ન્યુ લાઈફ કેર હોસ્પિટલ ખાતે લઈ જવામાં આવ્યો હતો. જ્યાં ફરજ પરના તબીબે મૃત જાહેર કરતા ભુજ બી ડીવીઝન પોલીસમાં અકસ્માત મોતની નોંધ દાખલ કરવામાં આવી હતી.

પશ્ચિમ રેલવે અમદાવાદ ડિવિઝન

નોન-એસ્બેસ્ટોસ K ટાઈપ કોમ્પોઝીશન બ્રેક બ્લોક્સ

ટેન્ડર નોટીસ નં.ADI/S/P/Tender publication/2026/19 તા. 02/11/2026

ભારતના રાષ્ટ્રપતિ માટે અને વતી Sr.DMM અમદાવાદ સામગ્રીઓની આપૂર્તિ માટે નીચે જણાવ્યા મુજબ ઈલેક્ટ્રોનિક ઓપન ટેન્ડર આમંત્રિત કરે છે. **સામગ્રીનું ટૂંકું વર્ણનઃ** નોન-એસ્બેસ્ટોસ K ટાઈપ કોમ્પોઝીશન બ્રેક બ્લોક. **જથ્થોઃ** ૬૦૦૦ નંગ, **ટેન્ડર બંધ થવાની તારીખઃ** ૦૭-૧૨-૨૦૨૬; ખરીદીના નિયંત્રણો અને વિગતવાર ટેન્ડરની શરતો સમાવતી વિગતવાર ટેન્ડર નોટીસ અંગે કૃપા કરીને વેબસાઈટ www.ireps.gov.in ની મુલાકાત લેશો. મેન્યુઅલ ઓફરો ધ્યાનમાં લેવામાં આવશે નહીં. ADI-204

આપને ગમશે ફરો: facebook.com/WesternRly

-: નોટીસ:-

પ્રો.નં. 2022/૨૦૨૬

(સી.પી.સી.શેડ્યુલ ૧, એપીકસ ડી.નં.૭)

નામદારશ્રી સાતમાં અધિક જીલ્લા ન્યાયાધીશ સાહેબની કોર્ટ સમક્ષ, ગાંધીધામ-કચ્છ.

બજાવવાનો હુકમ શા વાસ્તે ના ઠાઢવો તેનું કારણ બતાવવાની નોટીસ (ફ્રેમ નં.૭ પુરવણી ઈ શેડ્યુલ ૧) દાવો રૂા. ૨,૩૯,૪૦૪/-

કોમર્શીયલ તામીલ નંબર :- ૦૬/૨૦૨૬

મુદ્દત તારીખ-૧૬/૧૧/૨૦૨૬

The Bhuj Mercantile Co-Operative Bank Ltd. ..ડી.એચ.

વિરૂધ્ધ

Vaibhav Suresh Ahir and other (3) ..જે.ડી.

પ્રતિ,

Opponent/JD No.1 Vaibhav Suresh Ahir Prop. of M/s Shiv Sea Link Add.-D-131, Sapnanagar, Gandhidham-Kachchh. Add.-Office No. 208, Sun Shine Aarcade, 2nd Floor, Sec-08, Plot No. 37, Gandhidham-Kachchh

ઉપરોકત ડીકીહોલ્ડરે દ્વારા તા.૨૧/૦૬/૨૦૨૪ ના રોજ કરવામાં આવેલ આબીટ્રેશનનું હુકમનામું તેમના નામ પર તબદીલ થયું છે એમ જણાવી તે બજાવવા સારૂં આ કોર્ટને દરખાસ્ત કરેલ છે, માટે તમને આ લેખ ઉપરથી નોટીસ આપવામાં આવે છે કે, બજાવવાનો હુકમ શા માટે ન કરવો એ નું કારણ બતાવવા તમારે જાતે તા. ૧૬/૧૧/૨૦૨૬ના રોજ સવારે ૧૦.૩૦ કલાકે આ કોર્ટમાં હાજર થવું. તેમ કરવામાં કસુર થયેથી આગળની, યોગ્ય ન્યાયીક કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેશો.

આજરોજ તા. ૨૬ માહે ૧૦ સને ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યું.

તૈયાર કરનાર (વી.એમ.મેચડ) આસીસ્ટન્ટ, ગાંધીધામ-કચ્છ.

મુકાબીલ કરનાર (એમ.એસ.મેમણ) બેન્ચ કલાર્ક, ગાંધીધામ-કચ્છ.

આદેશથી (સી. બી. દવે) રજીસ્ટ્રારશ્રી, અધિક ડિસ્ટ્રીક્ટ કોર્ટ, ગાંધીધામ-કચ્છ.

Welspun CORP WELSPUN CORP LIMITED

(CIN – L27100GJ1995PLC025609)

Regd. Office: Welspun City, Village Versamedi, Taluka Anjar, Dist. Kutch, Gujarat - 370110. Tel No. +91 28 3666 2222

Corp. Office: Welspun House, Kamala Mills Compound, Senapati Bapat Marg, Lower Parel, Mumbai-400013. **Tel No.** 022 - 2490 8000

Email : CompanySecretary_WCL@welspun.com **Website:** www.welspuncorp.com

LOSS OF SHARE CERTIFICATE (S)

Notice is hereby given that the following Original Equity Share Certificate(s) of **Welspun Corp Limited** ("the Company") have been reported lost/misplaced and request have been received from the below registered shareholder for issuance of Duplicate Share Certificate(s) in lieu thereof:

Folio No.	Name of the Shareholder	No. of Shares	Certificate No.	Distinctive Nos.
00006996	Narendra Eknath Bhadane Wani	700	2206	8815871 - 8816570

Any person having any objection to the issuance of the aforesaid Duplicate Share Certificate(s) or any claim in respect of the said shares may notify the Company or its Registrar and Transfer Agent in writing within **15 days** from the date of publication of this notice, together with supporting documents.

In the absence of any valid claim or objection within the stipulated period, the Company shall proceed with the issuance of Duplicate Share Certificate(s) and no claim in respect of the original Share Certificate(s) shall be entertained thereafter.

For **Welspun Corp Limited**
Sd/-
Kamal Rathi
Company Secretary
ACS-18182

Place: Mumbai
Date: 3rd November, 2026

Welspun CORP વેલસ્પન કોર્પ લિમિટેડ

(CIN-L27100GJ1995PLC025609)

રજી.ઓફિસ : વેલસ્પન સિટી, ગામઃ વર્સામેડી, તા. અંજાર, જિ. કચ્છ, ગુજરાત-૩૭૦ ૧૧૦ ટેલિ. +૯૧ ૨૮૩૬-૬૬૨૨૨૨

કોર્પો. ઓફિસ : વેલસ્પન હાઉસ, કમલા મિલ્સ કંપાઉન્ડ, સેનાપતિ બાપટ માર્ગ, લોઅર પરેલ, મુંબઈ - ૪૦૦ ૦૧૩, ટેલિ : ૦૨૨-૨૪૯૦ ૮૦૦૦

ઈ-મેઇલ CompanySecretary_WCL@welspun.com, વેબસાઇટ : www.welspuncorp.com

પ્રત્યક્ષ શેર ટ્રાન્સફર કરવાની અરજી પુનઃ રજૂ કરવાની વિશેષ બારી

આથી શેરધારકોને જાણ કરવામાં આવે છે કે, તા. ૩૦ જાન્યુઆરી, ૨૦૨૬ સેબીનાં પરિપત્ર અનુસાર ફિઝિકલ સિક્યોરિટીનાં શેર ટ્રાન્સફર અને ડિમટીરીયલાઇઝેશનની વિશેષ બારી-ઈઝ ઓફ ડુઈંગ ઇન્વેસ્ટમેન્ટસની પ્રત્યક્ષ શેર ટ્રાન્સફર કરવા અંગે ૫ ફેબ્રુઆરી, ૨૦૨૬થી ૪ ફેબ્રુઆરી, ૨૦૨૭ સુધી પુનઃ અરજી સ્વીકાર કરવાની હતી તેમાં ૧ એપ્રિલ, ૨૦૧૯ સુધીમાં નામંજૂર કે પરત થયેલ અથવા ત્રુટિપૂર્ણ હોવાથી પ્રક્રિયા થઇ શકી ન હોય તેવી શેર ટ્રાન્સફર અંગેની લાયક અરજીઓ પુનઃ રજૂ કરવાની વિશેષ બારી ઉપલબ્ધ છે.

તેથી અગાઉ રજૂ થયેલી અરજીઓની સફળ ખરાઈ થઈને ફક્ત ડીમટીરીયલાઈઝ સ્વરૂપે શેર ટ્રાન્સફર કરવામાં આવશે. તેથી શેરધારકોએ અસલ શેર પ્રમાણપત્ર ટ્રાન્સફર ડીડ, કેવાયસી તથા બિયત શેર ડોક્યુમેન્ટ સાથે કંપનીનાં રજીસ્ટ્રારને સંબોધીને શેર ટ્રાન્સફર એજન્ટ એમયુએફજી ઇનટાઇમ ઇન્ડિયા પ્રાઇવેટ લિમિટેડ (આરટીએ)ને મોકલી આપવા વિનંતી.

વધુ વિગતો માટે સેબી પરિપત્ર www.sebi.gov.in પર યકાસો અથવા આરટીએ એમયુએફજી ઇનટાઇમ ઇન્ડિયા પ્રાઇવેટ લિમિટેડ, સી-૧૦૧, ૨૪૭ પાર્ક, એલબીએસ માર્ગ, વિક્રોલી (પશ્ચિમ), મુંબઈ-૪૦૦ ૦૮૩, ઈમેઈલઃ rnt.helpdesk@in.mpms.mufg.com પર સંપર્ક સાધો.

ફોનઃ +૯૧ ૮૧૦૮૧૧૬૭૬૭.

વેલસ્પન કોર્પ લિમિટેડ
કમલ રાઠી
કંપની સેક્રેટરી

સ્થળ : મુંબઈ
તારીખઃ- ૩ નવેમ્બર, ૨૦૨૬

::: જાહેર સમન્સ :::

નામદાર શ્રી અધિક સિનિયર સિવિલ જજ સાહેબ ની કોર્ટમાં, ગાંધીધામ (કચ્છ)

પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ .....વાદી

વાદીના વકીલશ્રી શ્રી એચ. એન. આસનાની

આથી જણાવવાનું કે, ઉપરોકત વાદીએ અત્રેની કોર્ટમાં નીચે જણાવેલ પ્રતિવાદીના નામ સામે જણાવેલ રકમ વ્યાજ તથા ખર્ચ સહિત મેળવવા દિવાની દાવો કરેલો હોઈ તે દાવામાં તેની સામે જણાવેલ તારીખના રોજ ૧૦:૩૦ કલાકે જવાબ આપવા જાતે અથવા વકીલ મારફતે અત્રેની કોર્ટમાં હાજર થવા જણાવવામાં આવે છે. જો તે રીતે પક્ષકારો/પ્રતિવાદીઓ હાજર થવામાં કસુર કરશે તો સદર પ્રતિવાદીઓ વિરૂધ્ધ, તેમની ગેરહાજરીમાં દાવાની ન્યાયીક કાર્યવાહી આગળ ચલાવી યોગ્ય હુકમ કરવામાં આવશે.

અનુ. કમ	રે.દાવા નંબર	પ્રતિવાદીનું નામ અને સરનામુ	ગામ/તાલુકો	રકમ	તારીખ
૧.	૫૩૩/૨૦૨૫	કિંદરલાલ ગૌતમ રેહાત, રહેઃ રાધા કૃષ્ણ મંદિરની પાછળ, યાદવનગર, કારગો ઝુપડપટ્ટી, ગામઃકિડાણા	ગાંધીધામ-કચ્છ.	રૂા. ૧૩,૫૨૮.૦૦	૦૧/૧૨/૨૦૨૬
૨.	૫૮૯/૨૦૨૫	શંભુભાઈ રવજી રાણા, રહે : ડીપી-૧૧, પી-૪/૬,	ગાંધીધામ-કચ્છ.	રૂા. ૧૭,૪૪૧.૦૦	૦૧/૧૨/૨૦૨૬
૩.	૮૫૦/૨૦૨૫	લાલાભાઈ ભચુ સોલંકી, રહે : કૈલાશનગર ઝુપડપટ્ટી, ગામ : ગળપાદર,	ગાંધીધામ-કચ્છ.	રૂા. ૧૮,૬૬૧.૦૦	૦૧/૧૨/૨૦૨૬
૪.	૨૫૨/૨૦૨૪	ગુજરનાર સ્વ.શ્રી અદા સિધિક ના વારસદાર : ગફુરભાઈ અદા સિધિક, રહેઃ મિન્ડા વાસ, ગામ : ખારીરોહર,	ગાંધીધામ-કચ્છ.	રૂા. ૩૮,૩૫૯.૦૦	૦૧/૧૨/૨૦૨૬

આજ તારીખ ૩ માહે નવેમ્બર, ૨૦૨૬ નાં રોજ મારી સહી સિક્કો કરી આપ્યો.


તૈયાર કરનાર
(એચ. આર. ગઢવી)
આસિસ્ટન્ટ
અધિક સિનિયર સિવિલ જજની કોર્ટ, ગાંધીધામ-કચ્છ

મુકાબિલ કરનાર
(ડી. જે. કડિયા)
સુપ્રિટેન્ડેન્ટ
અધિક સિનિયર સિવિલ જજની કોર્ટ, ગાંધીધામ-કચ્છ

કોર્ટનો સિક્કો

આદેશથી
(એમ. એચ. ગોહિલ)
રજીસ્ટ્રાર,
પ્રિન્સિપાલ સિનિયર સિવિલ જજની કોર્ટ, ગાધીધામ-કચ્છ.

હાર્દિક અભિનંદન



શ્રી આશાભાઈ પાલાભાઈ રબારી (મોમાયમોરા) પ્રમુખશ્રી, અખિલ કચ્છ માકપટ રબારી સમાજ

શ્રી કાનજી (શંભુભાઈ) જગમાલભાઈ રબારી (સણોસરા) ઉપપ્રમુખશ્રી, અખિલ કચ્છ માકપટ રબારી સમાજ

શ્રી મયુરભાઈ ભીમજીભાઈ રબારી (એડવોકેટ-ગણેશનગર) પ્રમુખશ્રી, ભુજ તાલુકા રબારી સમાજ

શ્રી મેહુલભાઈ મહેશભાઈ રબારી (એડવોકેટ-સેનેટરી) ઉપપ્રમુખશ્રી, ભુજ તાલુકા રબારી સમાજ

શ્રી વિનોદભાઈ વેજાભાઈ રબારી (ભુવાજી-માધાપર) મહામંત્રીશ્રી, ભુજ તાલુકા રબારી સમાજ

આપશ્રીઓની ઉપરોકત હોદ્દા પર વરણી થવા બદલ ખૂબ ખૂબ અભિનંદન સહ નેતૃત્વમાં રબારી સમાજ પ્રગતિશીલ બને તેવી આશા સહ શુભેચ્છા..

• રાજા આશા રબારી (તાલુકા પંચાયત સદસ્ય, માંડવી) • રાણા મમુ રબારી (સણોસરા) • વિરમ કરણા રબારી (ઘોડાલખ) • મુરા લાખા રબારી (સણોસરા) • દેવશીભાઈ લઘાભાઈ રબારી (ગડા) • જયંતિભાઈ મંગલભાઈ રબારી (સણોસરા) • ગાભાભાઈ રાગાભાઈ રબારી (મેઘપર) • હમીરભાઈ ખેંગારભાઈ બારી (કોડકી) • દેવશીભાઈ રવાભાઈ રબારી (ભુજોડી) • ભીમાભાઈ લખુભાઈ રબારી (કૈલાશનગર) • પાલાભાઈ લખમીરભાઈ રબારી (સણોસરા) • રામાભાઈ રાણાભાઈ રબારી (ભારાપર) • કલાભાઈ મલુભાઈ રબારી (કૈલાશ નગર) • સારંગભાઈ જેસાભાઈ રબારી (મેઘપર) • રાજુભાઈ દેવાભાઈ સબારી (ભુજોડી) • લાખાભાઈ રવજીભાઈ રબારી (ફોટડી) • મિતેશભાઈ જગાભાઈ રબારી (માધાપર) • આશાભાઈ હમીરભાઈ રબારી (માધાપર) રોહિતભાઈ વંકાભાઈ રબારી (ભુજોડી) • લખુભાઈ જીવાભાઈ રબારી (ભુજોડી) • સાગાભાઈ વેલાભાઈ રબારી (ગડા) • વેરશીભાઈ હબુભાઈ રબારી (માધાપર) • મંગાભાઈ સવાભાઈ રબારી (કૈલાશ નગર) • વેલજીભાઈ કરણાભાઈ રબારી (ગણેશ નગર) • ખેતાભાઈ દેવશીભાઈ રબારી (કુકમા) • વજાભાઈ વંકાભાઈ રબારી (માધાપર) • લખુભાઈ રાણાભાઈ રબારી (ગડા) • રવા મુરા રબારી (સેનેટરી)



કચ્છને મળનારા વધારાના એક મિલિયન એકરફીટ નર્મદાનાં પાણી માટે ચાલતી કામગીરી અંતર્ગત મોટા વરનોરા ખાતે બનતા ફીડર પમ્પ હાઉસ-૨નું કામ પૂર્ણ થયું છે, તસવીરમાં દેખાતું પમ્પિંગ સ્ટેશન.

મોટા વરનોરા ખાતે ફીડર પમ્પ હાઉસ તૈયાર

યોજનાના અમલીકરણ બાદ ઝીંકડી-૧ તળાવમાં ૦.૦૪૬ ક્યુમેક તથા ઝીંકડી-૨ તળાવમાં ૦.૦૫૨ ક્યુમેક પાણી પહોંચશે

ભુજ, તા. ૩ : નર્મદા નદીમાં ચોમાસાં દરમિયાન પૂર આવવાથી સમુદ્રમાં વહી જતાં વધારાનાં પાણી પૈકી અંદાજે એક મિલિયન એકરફીટ પાણી કચ્છ જિલ્લાના ભૂગર્ભ જળસ્તરમાં વધારો કરવા તેમજ જમીનમાં વધતી ક્ષારતાને નિયંત્રિત કરવાના હેતુથી ફાળવવામાં આવ્યું છે, જે પૈકી મોટા વરનોરા ખાતે ફીડર પમ્પ હાઉસ-૨નું કામ પૂર્ણ થયું છે.

નોર્ધન લિંક ફેઝ-૧ અને ફેઝ-૨ની આ મહત્ત્વપૂર્ણ યોજનાના ભાગરૂપે હાલમાં ટપ્પર ડેમથી નિરોણા ડેમ સુધી પાણી પહોંચાડવા તેમજ પાઇપલાઇનના માર્ગમાં આવતા વિવિધ તળાવો ભરવા માટે પાઇપલાઇન અને પમ્પિંગ સ્ટેશનોનું કામ પ્રગતિ હેઠળ છે.

આ યોજનામાં એક મુખ્ય પમ્પ હાઉસ અને બે ફીડર પમ્પ હાઉસનો સમાવેશ થાય છે, તે પૈકી મોટા વરનોરા ગામ ખાતે ફીડર પમ્પ હાઉસ-૨ આવેલ છે. આ પમ્પ હાઉસ મારફતે મુખ્ય પાઇપલાઇનમાંથી પાણીનું ઉદ્વહન કરી ઝીંકડી તળાવમાં પાણી પહોંચાડવાનું આયોજન કરવામાં આવ્યું છે. ફીડર પમ્પ હાઉસ-૨ ખાતે ૩૫૩ ઘનમીટર પ્રતિ કલાકની ક્ષમતા ધરાવતા કુલ બે પમ્પ સ્થાપિત કરવામાં આવનાર છે.

આ પમ્પિંગ વ્યવસ્થા દ્વારા ઝીંકડી તળાવ ઉપરાંત પાણીના માર્ગમાં આવેલા રાયધણપર, મોટા વરનોરા અને નાના વરનોરા સહિતનાં ગામોને પણ યોજનાનો લાભ મળશે. હાલમાં ફીડર પમ્પ હાઉસ-૨નું સમગ્ર સિવિલ, મિકેનિકલ તથા સંબંધિત બાંધકામનું કાર્ય અમલીકરણ એજન્સી દ્વારા પૂર્ણ કરવામાં આવ્યું છે. સમગ્ર યોજનાની હાલની ભૌતિક પ્રગતિ આશરે ૯૪ ટકા સુધી પહોંચી છે. બાકી રહેલી કામગીરી પૂર્ણ થયા બાદ અંદાજિત માર્ચ-૨૦૨૭ દરમિયાન એજન્સી દ્વારા પ્રોજેક્ટનું કમિશનિંગ કરવામાં આવનાર છે.

યોજનાના અમલીકરણ બાદ ઝીંકડી-૧ તળાવમાં ૦.૦૪૬ ક્યુમેક તથા ઝીંકડી-૨ તળાવમાં ૦.૦૫૨ ક્યુમેક પાણી પહોંચાડવાનું આયોજન છે. પરિણામે આ વિસ્તારનાં તળાવો ભરાવાથી ભૂગર્ભ જળસ્તરમાં વધારો થશે, ખેતીલાયક જમીનમાં સિંચાઈ માટે પાણીની ઉપલબ્ધતા વધશે તેમજ જમીનની ક્ષારતાને નિયંત્રિત કરવામાં મદદ મળશે.

આમ, નર્મદાનાં વધારાનાં પાણીનો ઉપયોગ કરીને કચ્છ જિલ્લાના ખેડૂતોને સિંચાઈ માટે પાણીની સુવિધા પૂરી પાડવા, ભૂગર્ભ જળસ્તર સુધારવા અને ખેતીની ઉત્પાદક્તા વધારવા માટે આ યોજના મહત્ત્વપૂર્ણ સાબિત થશે. કચ્છ સિંચાઈ વિભાગના ક્ષાર અંકુશના કાર્યપાલક ઈજનેર સોનુકુમાર સિંઘનાં માર્ગદર્શન હેઠળ ટીમ દ્વારા ઝડપભેર કામગીરી પૂર્ણ કરવા ક્વાયત હાથ ધરવામાં આવી રહી છે.

વ્યક્તિ વિકાસલક્ષી, આધ્યાત્મિક, ધાર્મિક, સામાજિક પુસ્તકો નિઃશુલ્ક ઉપલબ્ધ

ભુજના લાઇફ લાઇન ચેરિ. ટ્રસ્ટ દ્વારા જ્ઞાનની અપાતી ભેટ

ભુજ, તા. ૩ : સેવા માત્ર જરૂરિયાતની વસ્તુઓ પૂરી કરવા પૂરતી સીમિત નથી, પરંતુ સમાજમાં જ્ઞાન, સંસ્કાર, સદ્વિચાર અને સકારાત્મક જીવનદૃષ્ટિનો વિકાસ કરવો પણ એક મહત્ત્વપૂર્ણ સેવાકાર્ય છે. આ વિચાર સાથે લાઇફ લાઇન ચેરિટેબલ ટ્રસ્ટ, ભુજ દ્વારા છેલ્લા ઘણા વર્ષોથી વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ કરવામાં આવી રહી છે.

આ પહેલનો હેતુ લોકો સુધી ઉપયોગી અને જીવનમાં માર્ગદર્શનરૂપ બને તેવું વાચન સરળતાથી પહોંચાડવાનો છે. ધાર્મિક અને આધ્યાત્મિક વિચારોથી આંતરિક શાંતિ અને સદ્વિચારને પ્રોત્સાહન મળે છે, જ્યારે સામાજિક અને વ્યક્તિગત વિકાસલક્ષી પુસ્તકો વ્યક્તિને જીવનની વિવિધ પરિસ્થિતિઓને સમજવા અને તેનો સામનો કરવા માટે નવી દૃષ્ટિ આપે છે.

ડિજિટલ યુગમાં વાચનની ટેવ ધીમે ધીમે ઘટતી જાય છે ત્યારે ખાસ કરીને યુવાનો અને નવી પેઢીને સારા સાહિત્ય સાથે જોડીને જ્ઞાન, સંસ્કાર, વિચારશક્તિ અને વ્યક્તિત્વ વિકાસ તરફ પ્રેરિત કરવા લાઇફ લાઇન ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા ધાર્મિક, આધ્યાત્મિક, સામાજિક જાગૃતિ, નૈતિક મૂલ્યો, જીવનદર્શન અને વ્યક્તિત્વ વિકાસ જેવા વિવિધ વિષયોને આવરી લેતા સાહિત્યમાં રસ ધરાવતા વાચકો જરૂરિયાત મુજબ પુસ્તકો લાઇફલાઇન આયુર્વેદિક મેડિકલ સ્ટોર, મોર્ડન સિનેમાની બાજુમાં, ભુજ ખાતેથી મેળવી શકશે તેવું મહેશ મહેતાની યાદીમાં જણાવાયું હતું.



કલેક્ટર અનિલ રાણાવસિયાનું સન્માન કરતા મનજીભાઇ ભાનુશાલી સાથે અન્યો.

વર્તમાન સ્થિતિને ધ્યાને લઇ અબડાસાની ગૌશાળા તત્પર

રાતાતળાવ પાંજરાપોળે કલેક્ટરનું સન્માન કર્યું

નલિયા, તા ૩ : કચ્છ જિલ્લામાં પશુધન માટે સર્જાયેલી કપરી સ્થિતિ વચ્ચે સરકાર દ્વારા કચ્છને દુષ્કાળગ્રસ્ત જાહેર કરવામાં આવ્યો છે. આ કપરા સમયમાં પશુધનના હિતમાં કચ્છ કલેક્ટર અનિલ રાણાવસિયા દ્વારા કરવામાં આવેલી મહત્ત્વની કામગીરીને બિરદાવી, રાતા તળાવ ખાતે આવેલી વાલરામજી સંસ્થાના સ્થાપક મનજી ભાનુશાલી તેમજ તેમની ટીમ દ્વારા કલેક્ટરનું સન્માન કરવામાં આવ્યું હતું.

મુલાકાત દરમિયાન સંસ્થાના કાયમી સહયોગી દાતા કરસનદાસ પરસોતમ ચાદ્રા પરિવાર દ્વારા લાભ પાંચમના દિવસે આયોજિત પંચમી પૂજન સાથે સત્કાર સમારંભમાં ઉપસ્થિત રહી દાતાઓને પ્રોત્સાહન પૂરું પાડવા માટે કલેક્ટર શ્રી રાણાવસિયાને નિમંત્રણ આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં હાજરી આપવા માટે કલેક્ટર દ્વારા ખાતરી પણ આપવામાં આવી હતી.

સંસ્થા તરફથી જણાવાયું હતું કે, આગામી સમયમાં સરકારના નિયમો મુજબ જિલ્લા તંત્ર સાથે રહીને વાલરામજી સંસ્થા ગૌસેવાના કાર્યમાં સતત તત્પર રહેશે.



માંડવીની અંધ-અપંગ માનવ કલ્યાણ સોસાયટી અને ગોધરાની કચ્છ જિલ્લા ગ્રામ વિકાસ સમિતિ દ્વારા દાતાઓના સહયોગથી ૩૭ વસ્તુઓના યોજાયેલા લોકાર્પણ કાર્યક્રમની તસવીર.

દાતાના સહયોગે સિલાઇ મશીન, વોકર, વ્હીલચેર, લેડીઝ સાઈકલનું લોકાર્પણ કરાયું

માંડવીમાં બે સંસ્થા દ્વારા દિવાળીની આગોતરી ઉજવણી

માંડવી, તા. ૩ : અંધ-અપંગ માનવ કલ્યાણ સોસાયટી અને કચ્છ જિલ્લા ગ્રામ વિકાસ સમિતિ-ગોધરાના સંયુક્ત ઉપક્રમે રવિવારે દિવાળીની આગોતરી ઉજવણી કરાઇ હતી.

ગ્રામ વિકાસ સમિતિના પ્રમુખ અરવિંદભાઇ જોશીના પ્રમુખપદે માંડવીમાં અંધ-અપંગ માનવ કલ્યાણ સોસાયટીના કાર્યાલયમાં કચ્છના જરૂરતમંદ ૧૪ બહેનોને આત્મનિર્ભર થવા ૧૪ સિલાઇ મશિન, ચાર સ્કૂલના બાળકો માટે ઠંડા પાણીના વોટરકૂલર અને બે સિલિંગ પંખા, ત્રણ દિવ્યાંગને વ્હીલચેર, એક દિવ્યાંગને વોકર, જરૂરતમંદ એક કન્યાને સાઇકલ તથા ગોધરાના વૈષ્ણવ સમાજના નાગનાથ મહાદેવ તથા ભીમનાથ મહાદેવના સંકુલ માટે ૧૨ બાંકડા સહિત ૩૭ વસ્તુઓ દાતાઓના સહયોગથી અર્પણ કરવાનો લોકાર્પણનો કાર્યક્રમ યોજાયો હતો.

અંધ-અપંગ માનવ કલ્યાણ સોસાયટીના પ્રમુખ દિનેશભાઇ શાહે દાતાઓની માહિતી આપતાં જણાવ્યું કે, જયાવંતીબેન વિજયસિંહ ટોપરાણી-મસ્કત, નિર્મળાબેન રાજગોર-બાગ, પટેલ મૂળજીભાઇ હસ્તે નિલેશ વાસાણી-નાની વિરાણી, સબકા મંગલ હો-અંધેરી અને બારોઇ, હંસાબેન હરસુખલાલ મહેતાના સ્મરણાર્થે માનબાઇ નાગજી વીરા-દેવપર હસ્તે રંજનબેન પ્રવીણ વીરા-મુંબઇ, મીઠીબાઇ જેઠાલાલ શાહ-નવાવાસ, કંચનબેન કરશનજી મહેતા, રિંકેશ મોહન ગડા-ભોજાય, સ્વ. સાકરબેન અને સ્વ. વિસનજી વીરા-દેવપર ગઢવાળીની સ્મૃતિમાં તથા સુંદરજીભાઇ ભેદા પરિવાર-જૂહુએ સહયોગ આપ્યો હતો.

મેઘપર (બો.)માં ૭૮ હજારના ડ્રગ્સ સાથે શખ્સની ધરપકડ

રાજસ્થાનથી મેફેડ્રોન લાવી વેચવા આવ્યો હતો

ગાંધીધામ, તા. ૩ : મેઘપર બોરીચીની શિવધારા સોસાયટી નજીક માર્ગ ઉપર છૂટક ગ્રાહકોને માદક પદાર્થ વેચવા આવેલા શખ્સને પોલીસે પકડી પાડી તેની પાસેથી રૂા. ૭૮,૦૦૦નું મેફેડ્રોન ડ્રગ્સ જપ્ત કરવામાં આવ્યું હતું.

અહીંના મેઘપર બોરીચી શિવધારા સોસાયટી નજીક રોડ પાસે ઊભેલો શખ્સ કિશનકુમાર કારમાં આવી માદક પદાર્થનું વેચાણ કરતો હોવાની પૂર્વ બાતમીના આધારે એસ.ઓ.જી.એ કાર્યવાહી કરી હતી. આ સોસાયટી પાસે પહોંચી કારમાં સવાર કિશનકુમાર બિજલારામ મકવાણા (મેઘવાળ) (રહે. મહેશ્વરીનગર, ગાંધીધામ-મૂળ બાડમેર) નામના શખ્સને ઝડપી લેવાયો હતો. આ શખ્સના પેન્ટની તપાસ કરાતાં તેમાં કોથળીમાંથી સફેદ પીળાશ પડતો પાઉડરનો જથ્થો મળી આવ્યો હતો.

આ પદાર્થ મેફેડ્રોન ડ્રગ્સ (એમ.ડી.) હોવાનું પકડાયેલા કિશનકુમારે કહ્યું હતું. પોલીસે એફ.એસ.એલ. અધિકારીને બોલાવી ખરાઇ કરાવતાં આ પદાર્થ એમ.ડી. જ હોવાનું બહાર આવ્યું હતું. તેણે આ પદાર્થ રાજસ્થાનના કૈલાસ બિશ્નોઇ પાસેથી લીધું હોવાનું બહાર આવ્યું હતું. પકડાયેલા શખ્સ પાસેથી રૂા. ૭૮,૦૦૦નો ૨૬ ગ્રામ માદક પદાર્થ, નંબરપ્લેટ વગરની બલેનો કાર, મોબાઇલ, રોકડ રકમ મળીને કુલ રૂા. ૫,૮૮,૧૫૦નો મુદ્દામાલ જપ્ત કરાયો હતો.



ત્રિશતાબ્દી મહોત્સવ : અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર શાંતિકુંજ-હરિદ્વારના આરાધ્યા માતાજી ભગવતી દેવી શર્મા, જન્મ શતાબ્દી, અખંડદીપ શતાબ્દી, ગુરુદેવ પં. રામ શર્મા આચાર્યજીના તપ સાધના શતાબ્દીના ત્રિવેણી સંગમનો કાર્યક્રમ અધ્યક્ષા શૈલબાળા પંડ્યા, દેવ સંસ્કૃતિ વિશ્વ વિદ્યાલયના પ્રતિ કુલાધિપતિ ડૉ. ચિન્મય પંડ્યા, સેફાલી પંડ્યાના વડપણ હેઠળ દિલ્હીમાં ઇન્દિરા ગાંધી ઇન્ડોર સ્ટેડિયમ ખાતે ઊજવવામાં આવ્યો. આ પ્રસંગે લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલા અને કેન્દ્રીય સંચાર મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયા ઉપસ્થિત રહ્યા હતા. એમણે ભારત સરકાર દ્વારા વં. માતાજીની ડાક ટિકિટનું વિમોચન કર્યું હતું એવું ડૉ. શશિકાંત આચાર્યની યાદીમાં જણાવાયું છે.

પશ્ચિમ રેલવે અમદાવાદ ડિવિઝન

નોન-એસબેસ્ટોસ K ટાઈપ કોમ્પોઝીશન બ્રેક બ્લોક

ટેન્ડર નોટિસ નં.ADI/S/P/Tender publication/2026/19 તા. 02/11/2026

ભારતના રાષ્ટ્રપતિ માટે અને વતી Sr.DMM અમદાવાદ સામગ્રીઓની આપૂર્તિ માટે નીચે જણાવ્યા મુજબ ઈલેક્ટ્રોનિક ઓપન ટેન્ડર આમંત્રિત કરે છે. **સામગ્રીનું ટૂંકું વર્ણન:** નોન-એસબેસ્ટોસ K ટાઈપ કોમ્પોઝીશન બ્રેક બ્લોક. **જથ્થો:** ૬૦૦૦ નંગ. **ટેન્ડર બંધ થવાની તારીખ:** ૦૭-૧૨-૨૦૨૬; અધિકાર નિયમનો અને વિગતવાર ટેન્ડરની શરતો સમાવતી વિગતવાર ટેન્ડર નોટિસ અંગે કૃપા કરીને વેબસાઈટ www.ireps.gov.in ની મુલાકાત લેવો. મેન્યુઅલ ઓફરો ધ્યાનમાં લેવામાં આવશે નહીં. ADI-204

અમને લાઇક કરો: facebook.com/WesternRly

GUJARAT INDUSTRIES POWER COMPANY LTD.
P.O. RANOLI-391350, DIST: BARODA

Biennial Rate Contract for "Fire & Emergency Response Services at GIPCL, Khavda, for 2375 MW RE Park at Great Rann of Kutch for the Year: 2026-2028"

Interested bidders may submit their bid on two-part basis through website: **www.nprocure.com (e-tender ID : 362176)**. It can also be viewed from Company's website: **www.gipcl.com. Last date for bid submission is 25.11.2026 up to 17:30 hrs.**

DEPUTY GENERAL MANAGER (F & S)

FORM NO. 14
[See Regulation 33(2)]

રજિસ્ટર્ડ એ.ડી., રૂબરૂ દ્વારા; તેમ ન થવાના કિસ્સામાં જાહેરનામા દ્વારા

રીકવરી અધિકારીની ઓફિસ - I/II

ઋણ વસુલી અધિકરણ, અમદાવાદ (DRT 2)

ત્રીજો માળ, ભીખુભાઈ ચેમ્બર્સ, ૧૮, ગાંધીકુંજ સોસાયટી, એલીસબ્રીજ, અમદાવાદ -૩૮૦ ૦૦૬

ડીમાન્ડ નોટિસ

NOTICE UNDER SECTIONS 25 TO 28 OF THE RECOVERY OF DEBTS & BANKRUPTCY ACT, 1993 AND RULE 2 OF SECOND SCHEDULE TO THE INCOME TAX, 1961

RC/ ૧૪૩/૨૦૨૫		૧૬-૦૯-૨૦૨૫
બેંક ઓફ બરોડા	વિરુદ્ધ	મે. પંકજ કુમાર એન્ડ કું. અને અન્યો

પ્રતિ,
(૧) મે. પંકજ કુમાર એન્ડ કું. પંકજ કુમાર જૈન ની એકમાત્ર માલિકી
જેનું ઓફિસ/ ધંધાકીય સરનામું : સર્વે નં. ૩૫, ગામ પડાણા, ગાંધીધામ-૩૭૦ ૨૦૧, જી. કચ્છ
(૨) પંકજ કુમાર જૈન
ત્રીજો માળ, ૫૨, વિજ્ઞાન વિહાર, યમુના સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ પાસે, ન્યુ દિલ્હી - ૧૧૦૦૯૨
(૩) અનુજ કુમાર જૈન
THX ૪૫, વોર્ડ ૨/એ, આદિપુર, જી. કચ્છ - ૩૭૦૨૦૫
(૪) મંજુ અનુજકુમાર જૈન
THX ૪૫, વોર્ડ ૨/એ, આદિપુર, જી. કચ્છ - ૩૭૦૨૦૫

આથી જાણ કરવામાં આવે છે કે, ડેબ્ટ રિકવરી ટ્રિબ્યુનલ-૨, અમદાવાદ (DRT 2) ના માનનીય પ્રિસાઈડીંગ ઓફિસર દ્વારા **ઓ.એ./૧૧૨૫/૨૦૧૮** માં પસાર કરવામાં આવેલા આદેશોના અનુસંધાનમાં જારી કરાયેલ વસુલાત પ્રમાણપત્ર (રિકવરી પ્રમાણપત્ર) મુજબ, તમારી પાસેથી (સંયુક્ત અને વ્યક્તિગત રીતે/ સંપૂર્ણપણે/ મર્યાદિત જવાબદારી હેઠળ) **રૂા. ૩,૫૦,૦૮,૦૯૪/- (રૂપિયા ત્રણ કરોડ પચાસ લાખ આઠ હજાર ચોરાણુ પુરા)** ની રકમ સાથે તા. ૩૦.૦૬.૨૦૨૫ થી વાર્ષિક ૧૧.૦૦% ના સાદા વ્યાજ દરે રકમની વસુલાત થાય ત્યાં સુધીનું પેન્ડેન્ટ-લાઈટ અને ભવિષ્યનું વ્યાજ તથા **રૂા. ૧,૭૫,૦૦૦/- (રૂપિયા એક લાખ પંચોતેર હજાર પુરા)** નો ખર્ચ ચૂકવવાપાત્ર થયા છે. જો કોઈ વસુલાત થાય તો તેને સમાયોજિત કરવામાં આવશે.
(૨) તમને આથી નિર્દેશ આપવામાં આવે છે કે નોટિસ મળ્યાના ૧૫ દિવસની અંદર ઉપર જણાવેલ રકમ ચૂકવો; તેમ કરવામાં નિષ્ફળ જશો તો 'બેંકો અને નાણાંકીય સંસ્થાઓના લેણાંની વસુલાત અધિનિયમ, ૧૯૯૩' અને તે હેઠળના નિયમો અનુસાર વસુલાત કરવામાં આવશે.
(૩) તમને આથી આદેશ આપવામાં આવે છે કે તમે સુનાવણીની આગામી તારીખ સુધીમાં અથવા તે પહેલાં સોગંદનામા પર તમારી સંપત્તિની વિગતો જાહેર કરો.
(૪) તમને આથી આદેશ આપવામાં આવે છે કે આગળની કાર્યવાહી માટે તમે **તારીખ ૨૦.૧૧.૨૦૨૫** ના રોજ **સવારે ૧૦.૩૦ કલાકે** અહેના અધિકારી સમક્ષ હાજર થાઓ.
(૫) અગાઉ જણાવેલ રકમ ઉપરાંત, તમારે નીચેની રકમ પણ ચૂકવવી પડશે :
(એ) પ્રમાણપત્ર/ અમલીકરણની કાર્યવાહી અંગેની આ નોટિસ બાદ તરત જ શરૂ થતા સમયગાળા માટે ચૂકવવાપાત્ર વ્યાજ.
(બી) આ નોટિસ, વોરંટ અને અન્ય કાનૂની કાર્યવાહીની બજવણીના સંબંધમાં થયેલા તમામ ખર્ચ અને શુલ્ક તથા બાકી રકમની વસુલાત માટે હાથ ધરવામાં આવેલી અન્ય તમામ કાર્યવાહીઓનો ખર્ચ.

આજ તારીખ **૧૬.૦૯.૨૦૨૫**ના રોજ મારી સહી અને ટ્રિબ્યુનલની મહોર હેઠળ આપવામાં આવ્યું.

સહી/- (અવાચ્ય)
રીકવરી અધિકારી,
ડેબ્ટસ રિકવરી ટ્રિબ્યુનલ, અમદાવાદ (DRT 2)

Welspun CORP વેલસ્પન કોર્પ લિમિટેડ

(CIN-L27100GJ1995PLC025609)

રજી. ક્ચેરી : વેલસ્પન સિટી, ગામ : વર્સામેડી, તા. અંજાર, જી. કચ્છ-ગુજરાત-૩૭૦૧૧૦ ટેલિ : +૯૧ ૨૮ ૩૬૬૬ ૨૨૨૨,
કોર્પો. ક્ચેરી : વેલસ્પન હાઉસ, કમલા મિલ્સ કમ્પાઉન્ડ, સેનાપતિ બાપટ માર્ગ, લોઅર પરેલ, મુંબઇ-૪૦૦૦૧૩, ટેલિ. : ૦૨૨-૨૪૯૦ ૮૦૦૦,
ઇ-મેઇલ: CompanySecretary_WCL@welspun.com, વેબસાઇટ: www.welspuncorp.com

પ્રત્યક્ષ શેર ટ્રાન્સફર કરવાની અરજી પુન: રજૂ કરવાની વિશેષ બારી

આથી શેરધારકોને જાણ કરવામાં આવે છે કે, તા. ૩૦ જાન્યુઆરી, ૨૦૨૬ સેબીનાં પરિપત્ર અનુસાર ફિઝિકલ સિક્યોરિટીનાં શેર ટ્રાન્સફર અને ડિમટીરીયલાઇઝેશનની વિશેષ બારી-ઇઝ ઓફ ડુઇંગ ઇન્વેસ્ટમેન્ટસની પ્રત્યક્ષ શેર ટ્રાન્સફર કરવા અંગે ૫ ફેબ્રુઆરી, ૨૦૨૬થી ૪ ફેબ્રુઆરી, ૨૦૨૭ સુધી પુન: અરજી સ્વીકાર કરવાની હતી તેમાં ૧ એપ્રિલ, ૨૦૧૯ સુધીમાં નામંજૂર કે પરત થયેલ અથવા ત્રુટિપૂર્ણ હોવાથી પ્રક્રિયા થઇ શકી ન હોય તેવી શેર ટ્રાન્સફર અંગેની લાયક અરજીઓ પુન: રજૂ કરવાની વિશેષ બારી ઉપલબ્ધ છે.
તેથી અગાઉ રજૂ થયેલી અરજીઓની સફળ ખરાઈ થઈને ફક્ત ડીમટીરીયલાઇઝ સ્વરૂપે શેર ટ્રાન્સફર કરવામાં આવશે. તેથી શેરધારકોએ અસલ શેર પ્રમાણપત્ર ટ્રાન્સફર ડીડ, કેવાયસી તથા નિયત શેર ડોક્યુમેન્ટ સાથે કંપનીનાં રજીસ્ટ્રારને સંબોધીને શેર ટ્રાન્સફર એજન્ટ એમયુએફજી ઇનટાઇમ ઈન્ડિયા પ્રાઇવેટ લિમિટેડ (આરટીએ)ને મોકલી આપવા વિનંતી.
વધુ વિગતો માટે સેબી પરિપત્ર www.sebi.gov.in પર ચકાસો અથવા આરટીએ એમયુએફજી ઇનટાઇમ ઇન્ડિયા પ્રાઇવેટ લિમિટેડ, સી-૧૦૧, ૨૪૭ પાર્ક, એલબીએસ માર્ગ, વિક્રોલી (પશ્ચિમ), મુંબઇ-૪૦૦ ૦૮૩, ઇમેઇલ: rnt.helpdesk@in.mpms.mufg.com પર સંપર્ક સાધો. ફોન: +૯૧ ૮૧૦૮૧૧૬૭૬૭.

સ્થળ : મુંબઇ
તારીખ:-૩ નવેમ્બર, ૨૦૨૬

વેલસ્પન કોર્પ લિમિટેડ
કમલ રાઠી
કંપની સેક્રેટરી

Welspun CORP WELSPUN CORP LIMITED

(CIN – L27100GJ1995PLC025609)

Regd. Office: Welspun City, Village Versamedi, Taluka Anjar, Dist. Kutch, Gujarat - 370110. Tel No. +91 28 3666 2222

Corp. Office: Welspun House, Kamala Mills Compound, Senapati Bapat Marg, Lower Parel, Mumbai-400013. **Tel No.** 022 - 2490 8000

Email : CompanySecretary_WCL@welspun.com **Website:** www.welspuncorp.com

LOSS OF SHARE CERTIFICATE (S)

Notice is hereby given that the following Original Equity Share Certificate(s) of **Welspun Corp Limited** ("the Company") have been reported lost/misplaced and request have been received from the below registered shareholder for issuance of Duplicate Share Certificate(s) in lieu thereof:

Folio No.	Name of the Shareholder	No. of Shares	Certificate No.	Distinctive Nos.
00006996	Narendra Eknath Bhadane Wani	700	2206	8815871 - 8816570

Any person having any objection to the issuance of the aforesaid Duplicate Share Certificate(s) or any claim in respect of the said shares may notify the Company or its Registrar and Transfer Agent in writing within **15 days** from the date of publication of this notice, together with supporting documents.

In the absence of any valid claim or objection within the stipulated period, the Company shall proceed with the issuance of Duplicate Share Certificate(s) and no claim in respect of the original Share Certificate(s) shall be entertained thereafter.

For **Welspun Corp Limited**
Sd/-
Kamal Rathi
Company Secretary
ACS-18182

Place: Mumbai
Date: 3rd November, 2026

બેંક ઑફ ઇંડિયા Bank of India BOI સંબંધોની મૂડી

ઝોનલ ઓફિસઃ ગાંધીનગર ઝોન, બીઓઆઈ બીલ્ડિંગ, સેક્ટર-૧૬, ગાંધીનગર.
ફોનઃ ૦૭૯-૨૯૬૫૪૪૮૧૯, ઈ-મેઈલઃ Gandhinagar.ARD@bankofindia.bank.in

ઈ-હરાજીની તારીખઃ ૧૫.૧૨.૨૦૨૬, સમયઃ સવારે ૧૧:૦૦ થી સાંજે ૫:૦૦
ઈએમડી અને બીડ ડોક્યુમેન્ટ જમા કરાવવાની છેલ્લી તારીખઃ ૧૫.૧૨.૨૦૨૬, બપોરે ૫:૦૦ સુધી

સિક્યોરિટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્શિયલ એસેટ્સ એન્ડ એનફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ, કાયદો, ૨૦૦૨ને ધી સિક્યોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ના નિયમ ૮(૬) સાથે વંચાણે લેતા હેઠળ જંગમ અને સ્થાવર મિલકતના વેચાણ માટેની ઈ-હરાજી વેચાણ નોટિસ.
આથી જાહેર જનતાને સામાન્ય રીતે અને કરજદાર(રો) અને જામીનદાર(રો)ને નોટિસ આપવામાં આવે છે કે નીચે વર્ણવેલ સ્થાવર અને જંગમ મિલકતો બેંક ઓફ ઈન્ડિયા, સિક્યોર્ડ ક્રેડિટર પાસે ગિરવે / હાઈપોથેકેટ / પ્લેજ/ચાર્જમાં મૂકેલ છે જેનો પ્રત્યક્ષ કબજો બેંક ઓફ ઈન્ડિયા, સિક્યોર્ડ ક્રેડિટરના અધિકૃત અધિકારીએ લીધો છે જેનું 'જેમ છે જ્યાં છે, જે છે તે છે અને જે કાંઈ છે તે છે' ના આધારે નીચે દર્શાવેલ ખાતા/ઓમાં વસુલાત માટે વેચાણ કરવામાં આવશે. કરજદાર/રો / જામીનદાર/રો / રિઝર્વ કિંમત / ઈ-હરાજીનાં તારીખ અને સમય, ઈએમડી અને બીડમાં વધારો કરવાની રકમ વગેરેની વિગતો નીચે દર્શાવેલ છે.

સ્થાવર મિલકતોની ઈ-હરાજી વેચાણ નોટિસ

ક્રમ નં.	કરજદારના નામ અને કુલ બાકી	સ્થાવર અને અસ્થાવર મિલકતોની વિગતો	રિઝર્વ કિંમત (રૂા.)	ઈએમડી (રૂા.)	લાભાર્થી શાખા, ખાતા નં. IFS કોડ
૦૧	**શ્રી વીપુલ ખેંગારભાઈ ચૌહાણ (કરજદાર)** સરફેસી કાયદો, ૨૦૦૨ની કલમ ૧૩(૨) હેઠળ તા. ૧૮.૧૦.૨૦૧૬ના રોજ જારી કરેલ માંગણા નોટીસ મુજબ રૂા. ૭,૮૯,૭૦૬.૦૦ ત્યારબાદ આગળનું ચડત વ્યાજ / ચાર્જ / કોસ્ટ / ખર્ચ (પ્રત્યક્ષ કબજો)	રહેણાંક મિલકત, પ્લોટ નં. ૧૯૪, આર. એસ. નં. ૫૫૩/૧, ૫૫૩/૨ અને ૫૫૪, ક્ષેત્રપાલ નગર, પ્રિન્સ ટાઉનશીપ, અરોમા હાઈટેક યુનીટ સામે, પાલનપુર થી સમખીયાળી હાઈવે ઉપર (એનએચ. નં. ૧૫), સીમતલ, ગામ: લકડીયા, તા. ભચાઉ, જીલ્લો કચ્છ. માપ ૮૩.૬૩ ચો.મી.	૧,૪૭,૦૦૦/-	૧૪,૭૦૦/-	ખાતા નં. 381690200000033 ઈન્ટરમીડીયરી બેંક ખાતુ BOI, માધાપર શાખા, IFSC: BKID0003816
૦૨	**મે. ટી.સી. ટ્રેડલીંક (ભાગીદારી પેઢી), ખાતા નં. ૩૮૫૦૩૦૧૧૦૦૦૦૦૯૮ (કેશ ક્રેડીટ) ભાગીદારઃ (૧) શ્રી પ્રસુન બંસલ જે તારાચંદ બંસલના પુત્ર (ભાગીદાર, કરજદાર અને ગીરોદાર), ભાગીદારઃ (૨) શ્રીમતી રીંકી બંસલ જે પ્રસુન બંસલના પત્નિ (ભાગીદાર અને કરજદાર), જામીનદારઃ શ્રીમતી સંગીતા બંસલ જે તારાચંદ બંસલના પત્નિ (જામીનદાર અને ગીરોદાર), રૂા. ૧૧,૫૩,૧૭,૨૬૯.૯૪ (વિભાજન ૧૩(૨) મુજબની ખાતાની બાકી રૂા. ૧૧,૪૯,૩૯,૭૮૮.૬૬ + રૂા. ૩,૭૭,૪૮૧.૨૮ (લાગુ નહી કરેલ વ્યાજ) કુલ રૂા. ૧૧,૫૩,૧૭,૨૬૯.૯૪) સાથે તે પછી આગળનું વ્યાજ /ચાર્જીસ/કોસ્ટ/ખર્ચાઓ. (પ્રત્યક્ષ કબજો)**	ઈન્ડસ્ટ્રીયલ જમીન અને ઈમારત પર બનાવેલ ન્યાયપૂર્ણ ગીરો, પ્લોટ નં. ૪, આરએસ નં. ૨૭ અને ૨૮, ગામ: મેઘપર બોરીચી, તાલુકા અંજાર, જીલ્લો કચ્છ, ગુજરાત – ૩૭૦૧૧૦. કુલ માપ ૧૨૪૩૯.૭૦ ચો.મી.	૧૩,૪૬,૦૦,૦૦૦/-	૧,૩૪,૬૦,૦૦૦/-	ખાતા નં. 385090200000033 ઈન્ટરમીડીયરી બેંક ખાતુ BOI, ગાંધીધામ શાખા, IFSC: BKID0003850

ઈ-હરાજીના નિયમો અને શરતોઃ (૧) ઈ-હરાજી 'જેમ છે જ્યાં છે, જે કાંઈ છે તે છે અને જે કાંઈ છે તે ત્યાં છે' ના આધારે થશે અને 'ઓનલાઈન' યોજાશે. (૨) વધારે વિગતો, પ્રક્રિયા પૂરી કરવા અને નિયમો અને શરતો ડાઉનલોડ કરવા માટે મહેરબાની કરીને જુઓઃ એ https://www.bankofindia.bank.in બીઃ ઈ-હરાજી સર્વિસ પ્રોવાઈડરની વેબસાઈટઃ https://www.baanknet.com બીડરો જોઈ શકે છે https://www.baanknet.com માં બીડરો માટે શૈક્ષણિક વિડીયોઝ સાથે "ગાઈડલાઈન્સ" ઉપલબ્ધ છે. બીડરોએ નીચેની ઓપચારિકતાઓ એડવાન્સમાં પૂરી કરવાની રહેશેઃ પગલું ૧: બીડર ખરીદદાર રજિસ્ટ્રેશનઃ બીડરે પોતાના મોબાઈલ નંબર અને ઈ-મેઈલ આઈડીનો ઉપયોગ કરીને ઈ-હરાજી પ્લેટફોર્મ (ઉપર આપેલ લિંક) પર રજિસ્ટ્રેશન કરાવવાનું રહેશે. પગલું ૨: કેવાયસી વેરિફિકેશનઃ બીડરે જરૂરી કેવાયસી દસ્તાવેજો અપલોડ કરવાના રહેશે. કેવાયસી દસ્તાવેજો ઈ-હરાજી સર્વિસ પ્રોવાઈડર દ્વારા તપાસવાના રહેશે (૨ દિવસ લાગી શકે). પગલું ૩: ઈએમડીની રકમની બીડર ગ્લોબલ ઈએમડી વોલેટમાં ટ્રાન્સફરઃ ઈ-હરાજી પર જનરેટ કરેલ ચલણનો ઉપયોગ કરીને, નેફ્ટ/ફંડ ટ્રાન્સફરનો ઉપયોગ કરીને ઓનલાઈન/ઓફલાઈન ફંડ ટ્રાન્સફર કરી શકે છે. પગલું ૪: બોલીની પ્રક્રિયા અને હરાજીના પરિણામઃ રસ ધરાવતા રજિસ્ટર્ડ બીડરો ૧,૨ અને ૩ પગલાં પૂરાં કરીને ઈ-હરાજી પ્લેટફોર્મ પર ઓનલાઈન બોલી (બીડ) લગાવી શકે છે. મહેરબાની કરીને નોંધ લેવી કે ૧ થી ૩ પગલાં બીડરોએ ઈ-હરાજીની તારીખ પહેલાં વહેલી તકે પૂરાં કરવાના રહેશે. (૩) અધિકૃત અધિકારીની શ્રેષ્ઠતમ માહિતી અને જાણકારી મુજબ મિલકત/તો પર કોઈ કરબોજ નથી. તેમ છતાં ઈચ્છુક બીડરોએ પોતાની રીતે સ્વતંત્રપણે કરબોજ, હરાજીમાં મૂકાયેલ મિલકતના ટાઈટલ અને મિલકતને અસરકર્તા દાવા/અધિકાર/લેણાં વગેરે અંગે બીડ જમા કરવાના પહેલા તપાસ કરાવી લે. ઈ-હરાજી જાહેરાત કોઈ પણ રીતે બેંક તરફથી કોઈ પ્રતિબધ્ધતા કે કોઈ રજૂઆત દર્શાવતી નથી કે દર્શાવશે નહીં. મિલકતનું બેંકને જાણ્યા કે અજાણ્યા તમામ હાલના કે ભવિષ્યના કરબોજ સહિત વેચાણ થશે. અધિકૃત અધિકારી / સિક્યોર્ડ લેણદાર બેંક કોઈ ત્રીજી પાર્ટીના દાવા / અધિકાર / લેણાં વગેરે અંગે કોઈ રીતે જવાબદાર રહેશે નહીં. ઓનલાઈન બીડ જમા કરાવ્યા પછી હરાજીમાં મૂકાયેલ મિલકત/તો અંગેના કોઈપણ પ્રકારના દાવાને ચલાવી લેવાશે નહીં. નીરીક્ષણની તારીખઃ ૧૧.૧૨.૨૦૨૬, સવારે ૧૧:૦૦ થી ૪:૦૦ સુધી કે તે અગાઉ પૂર્વમંજૂરી સાથે કરી શકાશે. સંપર્ક નં. માધાપર શાખા (૯૪૨૯૨ ૯૮૧૧૫), ગાંધીધામ શાખા (૬૩૫૪૪ ૩૫૬૨૬). (૪) બીડ માત્ર ઓનલાઈન પ્રક્રિયાથી જ જમા કરાવવાનું રહેશે. (૫) બીડરોએ વેચાણની શરતો અને નિયમો વાંચેલ અને સમજેલ છે અને એમને બંધનકર્તા છે એમ માની લેવાશે. (૬) આપેલ બીડની કિંમત રિઝર્વ કિંમતથી વધારે હોવી જોઈએ અને બીડરો પોતાની આગળની ઓફરો રૂા. ૧૦,૦૦૦.૦૦ ક્રમ નં. ૧ માટે અને રૂા. ૫,૦૦,૦૦૦.૦૦ ક્રમ નં. ૨ માટેના ગુણાંકમાં વધારી શકશે. (૭) બીડ જમા કરાવતા અગાઉ મિલકતનું નિરીક્ષણ કરીને પોતાની ખાત્રી કરી લેવાની જવાબદારી રસ ધરાવતા બીડરોની રહેશે. (૮) સફળ બીડરની અર્નેસ્ટ મની ડિપોઝીટ (ઈએમડી) વેચાણના ભાગ તરીકે રાખી લેવાશે અને નિષ્ફળ બીડરની ઈએમડી ઈ-હરાજી વેચાણ પ્રક્રિયા પત્યેથી પરત કરવામાં આવશે. (૯) અર્નેસ્ટ મની ડિપોઝીટ પર કોઈ વ્યાજ આપવામાં આવશે નહિં. અધિકૃત અધિકારી દ્વારા બીડ પ્રાઈસનો સ્વીકાર થયા પછી, સફળ ખરીદદારે વેચાણ કિંમતના ૨૫% રકમ અગાઉ જમા કરાવેલ ઈએમડીની રકમ સાથે તરત જ એ જે દિવસે જમા કરાવવી પડશે અને બાકીની રકમ વેચાણના દિન ૧૫માં જમા કરાવવાની રહેશે. હરાજી વેચાણ બેંકની મંજૂરીને આધારે થશે. બીડર દ્વારા કોઈ પણ તબક્કે રકમ જમા કરાવવામાં કસૂર થયેથી ખરીદદાર દ્વારા અગાઉ જમા કરાવેલ તમામ રકમ જપ્ત થઈ જશે અને મિલકત ફરીથી હરાજીમાં મૂકાશે અને કસૂરવાર ખરીદદારનો મિલકત/ રકમ અંગે કોઈ દાવો/અધિકાર ચાલશે નહીં. (૧૦) ઈન્ટરનેટ નેટવર્કની સમસ્યા/પાવર ફેલ્યર/કોઈ અન્ય ટેકનિકલ ખામી/ફેલ્યર વગેરે કોઈ પણ સમસ્યા અંગે ના તો અધિકૃત અધિકારી કે બેંક જવાબદાર રહેશે નહીં. આવી ટેકનીકલ પરિસ્થિતિ ન ઉદ્દભવે તે માટે રસ ધરાવતા બીડરોને વિનંતી છે કે પોતાને ટેકનીકલી સજ્જ કરી લે, પૂરતો પાવર બેક અપ વગેરે સાથે જેથી ઈ-હરાજીમાં સફળતાથી ભાગ લઈ શકે. (૧૧) ખરીદદારે લાગુ પડતા સ્ટેમ્પ ડ્યુટીઝ/રજિસ્ટ્રેશન ફીઝ/અન્ય ચાર્જીસ વગેરે તેમ જ તમામ સ્ટેચ્યુટરી/નોન-સ્ટેચ્યુટરી લેણાં, ટેક્સીસ, આકારણી ચાર્જીસ વગેરે કોઈના પણ હશે તે ભરપાઈ કરવાના રહેશે. (૧૨) અધિકૃત અધિકારી/બેંક હાઈએસ્ટ ઓફર સ્વીકારવા બંધાયેલ નથી અને કોઈપણ કારણ આપ્યા વિના કોઈપણ કે તમામ ઓફર(રો) સ્વીકારવા કે નકારવા કે ઈ-હરાજી વેચાણ મોકૂફ રાખવા/પાછું ઠેલવા/રદ કરવા કે કોઈપણ મિલકત કે તેનો હિસ્સો હરાજી પ્રક્રિયામાંથી કોઈપણ તબક્કે પરત ખેંચવા અંગેનો પૂરેપૂરો અધિકાર અને સૂઝબૂઝ ધરાવે છે. (૧૩) ખરીદદાર(રો)/અરજદાર(રો) ના નામે જ વેચાણ સર્ટિફિકેટ અપાશે અને અન્ય કોઈ નામ(મો)એ નહીં આપવામાં આવે. (૧૪) વેચાણ ધી સિક્યોરિટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્શિયલ એસેટ્સ એન્ડ એનફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨માં આપેલ નિયમો/શરતોને આધીન થશે. વેચાણની વધુ વિગતો/નિયમો અને શરતો અંગે પૂછ-પરછ જો કોઈ હોય તો આપેલ સંપર્ક નંબર પરથી મળી રહેશે.

કરજદારો / જામીનદારોને ૩૦ દિવસની વેચાણ નોટીસ

આથી નીચે સહી કરનાર બેંક ઓફ ઈન્ડિયાના અધિકૃત અધિકારીને વેચાણની આ નોટિસ મોકલવાની પૂરી સત્તા છે અને ધી સિક્યોરિટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ અને તેના નિયમો હેઠળ મળેલ સત્તાની રૂએ વેચાણની તમામ સત્તા છે. તમે બેંકે આપેલ એડવાન્સના સંદર્ભમાં બાકી રકમ તેમ જ માસિક ગાળો, કોસ્ટ અને ચાર્જીસ વગેરે સાથેના લેણાંના ચૂકવણામાં કસૂર કરેલ છે. આથી બેંકે તમને સર્વેને સેક્શન ૧૩(૨) હેઠળ નોટિસ મોકલી હતી કે ઉપરની રકમ દિન ૬૦માં ભરી જવી. તમે ૬૦ દિવસ પછી પણ રકમ ભરવામાં કસૂર કરેલ છે. આથી અધિકૃત અધિકારીએ નીચે સહી કરનારે એને મળેલ સદર કાયદાના સેક્શન ૧૩(૪) હેઠળ મળેલ સત્તાની રૂએ સિક્યોર્ડ અસ્ક્યામતોનો કબજો લીધો છે જેની વિશેષ વિગતો ઉપર આપેલ શેડ્યૂલમાં છે. અત્રે આપને નોટિસ આપવામાં આવે છે કે ઉપર જણાવેલ રકમ ભરપાઈ કરી જવી. તમને અર્નેસ્ટ મની ડિપોઝીટ કરવામા સહિતની શરતો અને નિયમોને અનુસરીને હરાજીમાં ભાગ લેવાની છૂટ છે.

તારીખઃ ૦૪.૧૧.૨૦૨૬, સ્થળઃ ગાંધીનગર **અધિકૃત અધિકારી, બેંક ઓફ ઈન્ડિયા**